# <u>ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ</u>

https://gpssb.gujarat.gov.in

બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦/એ,ગાંધીનગર

## <u>જાહેરાત ક્રમાંક ૧૫/૨૦૨૧-૨૨ ગ્રામસેવક 3rd એડીશનલ પ્રોવીઝનલ મેરીટયાદીમાં સમાવિષ્ટ ઉમેદવારોના પ્રમાણપત્ર ચકાસણી અંગેની અગત્યની જાહેરાત</u>

૧. ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર ધ્વારા જાહેરાત ક્રમાંક ૧૫/૨૦૨૧-૨૨ ગ્રામસેવક સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા તા.૦૫/૦૬/૨૦૨૨ના રોજ લેવાયેલ હતી.આ સ્પર્ધાત્મક પરીક્ષાના 3rd એડીશનલ પ્રોવીઝનલ મેરીટ લીસ્ટ મંડળ ધ્વારા તા.૩૦-૦૯-૨૦૨૨ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે મંડળની વેબસાઇટ https://gpssb.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ છે.

૨. આ 3rd એડીશનલ પ્રોવીઝનલ મેરીટલીસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારોને નીચે મુજબની વિગતે અસલ પ્રમાણપત્ર ચકાસણી માટે નીચે દર્શાવેલ સ્થળે દરેક ઉમેદવારને ફાળવેલ તારીખ-સમયે જાતે અચૂક હાજર રહેવા જણાવવામાં આવે છે. જે અંગેના ઇમેઇલ ,ઉમેદવારે તેની અરજીમાં દર્શાવેલ ઇમેઇલ આઇડી ઉપર મોકલવામાં આવી રહેલ છે. ઉમેદવારને મોકલવામાં આવનાર ઇમેઇલ સાથે પ્રમાણપત્રોની અનુક્રમણિકાની નકલ ,એટેસ્ટેશન ફોર્મ (નમુનો-૧), અને ઉમેદવારની શૈક્ષણિક લાયકાતની વિગત દર્શાવતું પત્રક (નમુનો-૨) પણ મોકલવામાં આવશે જે ઉમેદવારે ધ્યાનથી વાંચી –સમજી તેમાં જરુરી વિગતો ભરીને પ્રમાણપત્ર ચકાસણી વખતે આવવાનું રહેશે.

૩. <u>આથી 3rd એડીશનલ પ્રોવીઝનલ મેરીટ લીસ્ટમાં સમાવિષ્ટ દરેક ઉમેદવારોને તેમને ફાળવેલ તારીખ/સમયે નીચે દર્શાવેલ પ્રમાણપત્રો સહિત (લાગુ પડતા હોય તે) (અસલ પ્રમાણપત્રો સહિત) ચકાસણી માટે નિયત સ્થળે જાતે અચુક હાજર રહેવા જણાવવામાં આવે છે.</u>જો પ્રમાણપત્ર ચકાસણીની નિયત તારીખે-સમયે કોઇ ઉમેદવાર ગેરહાજર રહેશે તો સબંધિત ઉમેદવારે તેની ઉમેદવારી કાયમીપણે પાછી ખેંચી લીધી હોવાનું ગણાશે અને ત્યારપછી તે બાબતમાં કોઇપણ દાવો અથવા વિવાદ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં,તેની સર્વે ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

<u>ઉમેદવારે રુબરુમાં રજુ કરવાના પ્રમાણપત્રો (અસલ + સ્વપ્રમાણિત નકલો- બે સેટમાં )</u>

| | |
|---|---|
| ૧ | ઉમેદવારની ઓનલાઇન અરજીની પ્રિન્ટ નકલ |
| ૨ | એટેસ્ટેશન ફોર્મ (નમુનો-૧) |
| ૩ | ઉમેદવારની શૈક્ષણિક લાયકાતની સંપૂર્ણ વિગત દર્શાવતું પત્રક (નમુનો-૨) |
| ૪ | શાળા છોડયાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ |
| ૫(૧) | ભરતી નિયમો અને જાહેરાતની જોગવાઇ મુજબના <u>સ્નાતક ડીગ્રી પ્રમાણપત્રની</u> પ્રમાણિત નકલ (જો સ્નાતક ડીગ્રી ધરાવતા હોય તો) |
| ૫(૨) | ઉપરોકત <u>સ્નાતક ડિગ્રીના</u> તમામ સેમેસ્ટર/વર્ષની માર્કશીટની પ્રમાણિત નકલો |
| ૬(૧) | ભરતી નિયમો અને જાહેરાતની જોગવાઇ મુજબના <u>ડિપ્લોમાં</u> પ્રમાણપત્રની પ્રમાણિત નકલ (જો ડિપ્લોમાં ધરાવતા હોય તો) |
| ૬(૨) | ઉપરોકત <u>ડિપ્લોમાં</u>ના તમામ સેમેસ્ટર/વર્ષની માર્કશીટની પ્રમાણિત નકલો |
| ૭ | ધોરણ-૧૦ ની માર્કશીટની પ્રમાણિત નકલ |
| ૮ | ધોરણ-૧૦ ના ટ્રાયલ સર્ટીફીકેટની પ્રમાણિત નકલ |

| | |
|---|---|
| ૯ | ધોરણ-૧૨ ની માર્કશીટની પ્રમાણિત નકલ |
| ૧૦ | ધોરણ-૧૨ ના ટ્રાયલ સર્ટીફીકેટની પ્રમાણિત નકલ |
| ૧૧ | કોમ્પ્યુટરના નોલેજ અંગેનું નિયત પ્રમાણપત્રની પ્રમાણિત નકલ |
| ૧૨ | જાતિ અંગેનું પ્રમાણપત્ર (SC/ST ઉમેદવારોના કિસ્સામાં) ની પ્રમાણિત નકલ |
| ૧૩ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોના કિસ્સામાં નોનક્રિમીલેયર પ્રમાણપત્ર (લાગુ પડતું હોય તો) ની પ્રમાણિત નકલ + બાંહેધરીપત્ર અસલમાં રજુ કરવું. |
| ૧૪ | આર્થિક રીતે નબળા વર્ગ(EWS)ના ઉમેદવારોના કિસ્સામાં EWS અંગેના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ + બાંહેધરીપત્ર અસલમાં રજુ કરવું. |
| ૧૫ | શારીરીક અશકતતા (દિવ્યાંગ ઉમેદવાર હોવા) અંગેના સામાન્ય વહીવટ વિભાગના તા.૧/૧૨/૨૦૦૮ના પરીપત્ર મુજબના નિયત પ્રમાણપત્રની પ્રમાણિત નકલ (લાગુ પડતું હોય તો) (પ્રમાણપત્રનો નમૂનો મંડળની વેબસાઇટ ઉપર " ડાઉનલોડ" ફોલ્ડરમાં મુકેલ છે, જે જોઇ લેવો) |
| ૧૬ | માજી સૈનિક હોવા અંગેના આધારો અને ડીસ્ચાર્જ બુકની પ્રમાણીત નકલ (લાગુ પડતું હોય તો) |
| ૧૭ | વિધવા હોવા અંગેના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ (લાગુ પડતું હોય તો) |
| ૧૮ | માન્ય રમતગમત (Sports)ના વધારાના ગુણ મેળવવા માટેના નિયત પ્રમાણપત્રની પ્રમાણિત નકલ (લાગુ પડતું હોય તો) |
| ૧૯ | ઉમેદવારના આધારકાર્ડની પ્રમાણિત નકલ |
| ૨૦ | ઉમેદવારના પાનકાર્ડ(જો હોય તો)ની પ્રમાણિત નકલ (ધરાવતા ન હોય તો મેળવેલ નથી તેવું લખવું) |
| ૨૧ | પાસપોર્ટ સાઇઝના વધારાના બે ફોટા (એક કાગળ ઉપર ચોંટાડી તેની નીચે નામ લખી સહી કરી લાવવાના રહેશે.) |
| ૨૨ | નામમાં ફેરફાર કરાયેલ હોય તો તે અંગેના સરકારી ગેઝેટ વિગેરે આધારોની પ્રમાણિત નકલ |
| ૨૩ | પરિણિત મહિલા ઉમેદવારના કિસ્સામાં અરજી અને પ્રમાણપત્રોના નામમાં વિસંગતતા હોય તો લગ્ન નોંધણી પ્રમાણપત્રની પ્રમાણિત નકલ, તેમજ એક જ વ્યકિત હોવા બદલના સોંગદનામાની પ્રમાણિત નકલ. |
| ૨૪ | ગુજરાત સરકારના સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/ કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ/કર્મચારીઓના કિસ્સામાં નિયત નમુનામાં સક્ષમ અધિકારી ધ્વારા આપવામાં આવેલ "ના વાંધા પ્રમાણપત્ર"(લાગુ પડતું હોય તો) |

## પ્રમાણપત્ર ચકાસણી કાર્યક્રમ

<table>
<tr><td rowspan="2">તા.03-૧૦-૨૦૨૩<br>મંગળવાર</td><td>૧ થી ૬૦</td><td>૧૦-30 કલાક</td><td rowspan="2">ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન, સેકટર-૧૦/એ,ગાંધીનગર</td></tr>
<tr><td>૬૧ થી ૧૦૧</td><td>૧૫-00 કલાક</td></tr>
</table>

"મંડળના આદેશાનુસાર"

તારીખ:-30-0૯-૨૦૨૩ 　　　　　　　　　　સચિવ